# ડીસા-પાલનપુરમાં એક-એક ફલાયઓવર બ્રિજ બનશે

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં શહેરી ક્ષેત્રોમાં જનસુખાકારી સુવિધા વૃદ્ધિનો જનહિત અભિગમ અપનાવતાં ૬ મહાપાલિકા અને ૭ નગરપાલિકાઓમાં વિકાસ કામો માટે એક જ દિવસમાં રૂ. ૧૮૮૭.૭૩ કરોડના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ આ નગરો-મહાનગરોમાં ફલાયઓવર બ્રિજ, આંતરમાળખાકીય વિકાસના કામો, રસ્તાના કામો તેમજ આગવી ઓળખના કામો, રેલ્વે અંડરબ્રિજના તથા આઉટ ગ્રોથ વિસ્તારના વિકાસ કામો માટે આ ગ્રાન્ટ ફાળવવાની પરવાનગી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર રાજકોટ મહાનગરમાં પાંચ ફલાયઓવર બ્રિજના નિર્માણ માટે રૂ. ૨૩૦ કરોડના કામો મંજૂર કર્યા છે. તદ્અનુસાર, રાજકોટમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ રામાપીર ચોકડી ઓવરબ્રીજ, ૧૫૦ ફૂટ રિંગ રોડ નાના મવા ચોકડી ઓવરબ્રિજ અને કાલાવડ રોડ જડુસ રેસ્ટોરન્ટ પાસે ફલાયઓવર તેમજ ગ્રીન લેન્ડ ચોકડી ઓવરબ્રિજ અને ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉમિયા ચોક પાસે ફલાયઓવર બ્રિજનું નિર્માણ થશે. રાજકોટમાં આ ફલાયઓવર બ્રિજને પરિણામે સ્માર્ટ સિટી રાજકોટમાં માર્ગો પરનું ટ્રાફિક ભારણ હળવું થશે અને નાગરિકોના સમય તથા ઈંધણની પણ બચત થશે. મુખ્યમંત્રીશ્રીએ ડીસા નગરમાં ૧ ફલાયઓવર માટે રૂ. ૫૦ કરોડ તથા પાલનપુરમાં પણ ૧ ફલાયઓવર માટે રૂ. ૨૮ કરોડના કામોની મંજૂરી આપી છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ શહેરી વિકાસ - શહેરી સુખાકારીના સર્વગ્રાહી અભિગમથી જે કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે તેમાં અમદાવાદ મહાપાલિકામાં ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કામો માટે રૂ. ૫૯૯.૨૦ કરોડ, સુરતમાં રૂ. ૪૭૯.૮૩ કરોડ તેમજ વડોદરામાં રૂ. ૧૭૯.૨૮ કરોડ અને રાજકોટમાં રૂ. ૧૪૪.૫૪ કરોડ તથા જામનગર મહાપાલિકાને રૂ. ૬૫.૫૦ કરોડનો સમાવેશ થાય છે.

# વિદ્યાર્થીઓને પુસ્તક તરફ લઈ જવાની જવાબદારી શિક્ષકોની છે : શિક્ષણમંત્રી



ગાંધીનગર, તા. ૩

શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, આપણા સમાજને આચાર્ય અને શિક્ષકો પાસેથી ઘણી અપેક્ષાઓ રહેલી છે, કેમ કે, શિક્ષક માત્ર એક શિક્ષક નહીં સામાજિક કાર્યકર્તા પણ છે. સમાજની કોઈપણ સમસ્યાનો ઉકેલ શિક્ષકો પાસે હોય છે. શિક્ષકો સીધી રીતે વિદ્યાર્થી સાથે સંવાદ કરે છે તે રીતે તેઓ વિદ્યાર્થી સાથે સીધી રીતે સંકળાયેલા છે. તેઓ વિદ્યાર્થીઓને શિક્ષિત-દિક્ષિત કરી ભવિષ્યના સારા નાગરિક પણ બનાવે છે.

શિક્ષણ મંત્રીશ્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, ટેક્નોલોજી વિદ્યાર્થીઓને વિદ્યા અર્જિત કરવા માટે ઉપયોગી બની શકે તેમ છે પરંતુ ટેક્નોલોજીના આડઅસર રૂપે આજે વિદ્યાર્થી મોબાઈલ ગેમમાં મગ્ન જોવા મળે છે. ત્યારે શિક્ષકોએ વિદ્યાર્થીઓને મોબાઈલ ગેમને બદલે પુસ્તક તરફ વાળવાની જવાબદારી વિશેષ બની જાય છે.

વિદ્યાર્થીઓને પુસ્તકિય જ્ઞાનની સાથે વિશેષ જ્ઞાનની પણ જરૂર છે, જેના માટે દરેક આચાર્ય ક્વોલિટી શિક્ષણ કેવી રીતે મળી રહે તેના પર ચર્ચા કરવી જોઈએ અને એ દિશામાં આગળ વધવું જોઈએ તેમ શિક્ષણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. અમદાવાદમાં સિલ્વર ઓક યુનિવર્સિટી ખાતે અમદાવાદ જિલ્લા આચાર્ય સંઘ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે 'શૈક્ષણિક અને વહિવટી અધિવેશન-૨૦૨૦' પ્રસંગે શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ અધિવેશનમાં શિક્ષકોને અને આચાર્યને માર્ગદર્શન આપતા શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતના દરેક આચાર્ય અને શિક્ષકોને નીતિ આયોગના તમામ પ્રકારના માપદંડ અને સૂચકાંકનો ખ્યાલ હોવો જોઈએ. આ ઉપરાંત શાળા પ્રવેશોત્સવમાં દરેક આચાર્ય અને શિક્ષકોની ભાગીદારી પણ ખૂબ જરૂરી છે.

### મુખ્યમંત્રીનો ખેડૂત હિતકારી અભિગમ

# જાફરાબાદના મિતીયાળા ગામે મૂળ પથ રેખા ઉપર બંધારાના નિર્માણ માટે મંજૂરી

### મિતીયાળા - લુણસાપુર-વાંઢ - કાગવદરના ધરતીપુત્રોને ૫૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા મળશે

ગાંધીનગર, તા. ૩

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમરેલીના જાફરાબાદ તાલુકાના મિતીયાળા ગામે મૂળ પથ રેખા ઉપર બંધારા નિર્માણ માટે મંજૂરી આપી છે.

અમરેલીના ચાર ગામ – મિતીયાળા, લુણસાપુર, વાંઢ અને કાગવદરને આ બંધારાને પરિણામે ૯૩.૫૦ સ્ક્વે. સિંચાઈનું પાણી મળતું થશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે જાફરાબાદના આ ચાર ગામના ગ્રામજનોની મિતીયાળા બંધારા માટેની લાંબા સમયની માગને સંવેદનાસ્પર્શી પ્રતિસાદ આપતા શ્રી વિજયભાઈ રૂપાણીએ રૂ. ૮ કરોડની આ યોજનાને મંજૂરી આપી છે.

આ મિતીયાળા બંધારાને પરિણામે જાફરાબાદ અમરેલીના આ ગામોમાં દરિયાઈ ખારાશ આગળ વધતી અટકશે.

એટલું જ નહિં, સિંચાઈ માટે ખેડૂતોને ૫૦૦ હેક્ટર વિસ્તારમાં પૂરતું પાણી મળી રહેતા ખેત ઉત્પાદનમાં પણ વૃદ્ધિ થશે.

# દેધરોટા અને જોરાપુરની સાબરમતી નદીમાં ખાણ-ખનીજ વિભાગે બોલાવ્યો સપાટો

### ત્રણ ટ્રકો સીઝ કરી : લાખો રૂપિયાનો દંડ વસૂલશે

હિંમતનગર, તા. ૩

હિંમતનગર તાલુકાના દેધરોટા અને જોરાપુર ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં સરકાર દ્વારા અપાયેલ લીઝ સીવાયની અન્ય જગ્યાથી નદીની રેતી ટ્રકોમાં ભરીને રોયલ્ટી ચોરી કરવામાં આવી રહી છે. ત્યારે ગુરુવારે સાંજે સાબરકાંઠા ખાણ-ખનીજ વિભાગની ટીમ દરોડો પાડીને ત્રણ ટ્રકોને ઝડપી લઈ સીઝ કરી હતી અને તેમની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

આ અંગે ભુસ્તરશાસ્ત્રી જી.એમ. પટેલના માર્ગદર્શન અને સુચનાથી ઈન્સ્પેક્ટર કે.કે. વ્યાસ અને તેમની ટીમે શુક્રવારે સાંજે ઓચિંતા દેધરોટા અને જોરાપુર પાસેની સાબરમતી નદીમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જ્યાં ટ્રક નં. જીજે-૦૯-એયુ-૮૧૭૧, ટ્રક નં. જીજે-૦૯-એયુ-૪૩૭૮ અને ટ્રક નં. જીજે-૦૧-બીઝેડ-૧૮૬૮ની તપાસ કરતા તેમાં કાયદા વિરૂદ્ધ રેતી ભરીને લઈ જવાઈ રહી હતી. જે અંગે ટ્રકના ચાલક શીવલાલ નાનુરામ, પપ્પુભાઈ મોહનલાલ ખાંખર તથા દિનેશભાઈ માનાભાઈની પુછપરછ કરવામાં આવી હતી. તેમ છતાં ત્રણેય ચાલકોએ સંતોષકારક જવાબ ન આપતા સાદી રેતીનો અંદાજે ૫૦ ટનથી વધુનો જથ્થો જપ્ત લઈને ત્રણેય ટ્રકોને સીઝ કરવામાં આવી હતી.

ત્યારબાદ સાદી રેતીની ચોરી કરવા બદલ ખાણ ખનીજ વિભાગના અધિકારીઓએ દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

# ખિલેડિયાના ગુમ થયેલા કિશોરનો મૃતદેહ સુજલામ-સુફલામ કેનાલમાંથી મળ્યો

તલોદ, તા. ૩

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ખિલોડીયા ગામના ધો. ૧૦માં અભ્યાસ કરતા અને ગત સોમવારની સાંજથી ગુમ થયેલા મનાતા વિદ્યાર્થીનો મૃતદેહ આજે તલોદ તાલુકાના સાગપુર પંથકમાંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલમાંથી મળી આવતાં કિશોરવયના આ વિદ્યાર્થીના મોતને પગલે અનેકાનેક આશંકાઓના વમળો પેદા થયા છે. જે સોમવારે સાંજે શાળાએથી ઘરે પરત ફરવા નીકળ્યો હતો. પરંતુ મોડી સાંજ અને રાત્રી સુધી પણ ઘરે નહી પહોંચતા તેના પરિવારજનોએ અપહરણની આશંકા વ્યકત કરીને તટસ્થ પોલીસ તપાસની માંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે ધનસુરા તાલુકાના ખિલોડીયા ગામના અંદાજીત ૨૦ જેટલા વિદ્યાર્થીઓ આકરૂંદ ખાતેની હાઈસ્કૂલમાં અભ્યાસ કરવા માટે કેનાલની પાળના કિનારા નજીકના માર્ગેથી ચાલતા રોજ આવન-જાવન કરે છે. આ નિત્યક્રમ મુજબ સોમવારે સ્કૂલમાં ગયેલો ખિલોડીયાનો વિદ્યાર્થી જતીનસિંહ નાનસિંહ મકવાણા (ઉં.વ. આ. ૧૫)એ સ્કૂલની ટેસ્ટ પણ આપી હતી. બાદ તે શાળામાંથી ઘરે જવા નિકળ્યો હતો. જેને સાંજે ૫.૩૦ કલાકના સમયગાળામાં કેટલાક લોકોએ કેનાલ પાસે ઉભેલા જોયો હતો. જતીન મોડી સાંજ અને રાત્રી સુધી ઘરે નહીં પહોંચતા તેની વિધવા માતાએ ભારે આક્રંદ કરી મુક્યુ હતુ અને દિકરા જતીનની હેમખેમ ભાળ મળે તે માટે તંત્ર સમક્ષ રાવ નાંખી હતી. જે અંગે જતીનની માતા સવિતાબહેન નાનસિંહ મકવાણાએ ધનસુરા પોલીસ દફતરે પોતાના દિકરાનું અપહરણ થયાની આશંકા સાથે અજાણ્યા લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ જતીન સુજલામ સુફલામની કેનાલમાં ખાબક્યો હોવાની પ્રબળ આશંકાને પગલે તરવૈયાઓ, ફાય ફાઈટરો તથા તંત્ર અને ગ્રામ્યજનોએ કેનાલ ખુંદી વળીને જતીનને શોધી કાઢવા ભારે જહેમત ઉઠાવી હતી.

પરંતુ કુદરતને કંઈક અલગ જ મંજૂર હોય તેમ આજે તલોદ તાલુકાના સાગપુર-અમીયોડ રોડ માર્ગ પંથકની સુજલામ સુફલામ કેનાલમાંથી જતીનની લાશ મળી આવી હતી. પરીણામે જતિન જીવતો મળી આવશે તેવી પરિવારજનોની આશા ઉપર પાણી ફરી વળ્યુ હતુ.

# ધાનેરામાં ભંગારના ગોડાઉનમાં આગ



ધાનેરાના રેલ્વે પુલ પાસે આવેલા એક ભંગારના ગોડાઉનમાં રાત્રિના સમયે અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો તો બીજી તરફ નગરપાલિકાના બે ફાયર ફાઈટર દ્વારા મહામુસીબતે આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. ધાનેરા શહેરના રહેણાક વિસ્તારમાં ભંગારના ગોડાઉનમાં ધમધમી રહ્યા છે અને જાહેરમાં ગાડીઓ તોડવામાં આવી રહી છે તો બીજી તરફ ભંગારના ગોડાઉનમાં આગ લાગવાની પણ ઘટના સામે આવી રહી છે ધાનેરા વિવેકાનંદ સોસાયટી આગળ આવેલ અને રેલવે પુલની બાજુમાં ગોડાઉનમાં રાત્રિના સમયે અચાનક આગ લાગતા લોકો ભયભીત બન્યા હતા. આગને લઈ ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો દ્વારા ધાનેરા નગરપાલિકાના ફાયર ફાઈટરની જાણ કરતા નગરપાલિકાનું ફાયર ફાઈટર તેમજ સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચી હતી. નગરપાલિકાના બે ફાયર ફાઈટર દ્વારા મહામુસીબતે આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટી પાસે હવે હોર્ન વગાડવા પર પ્રતિબંધ

### નર્મદા જિલ્લા કલેકટરે સાયલેન્ટ ઝોન જાહેર કર્યો : વાહનોના હોર્નને લીધે પ્રવાસીઓને વિક્ષેપ પડતો હોવાનું તંત્રના ધ્યાને આવ્યું હતું



ગાંધીનગર, તા.૩

સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે હોર્ન વગાડવા પર પ્રતિબંધ મુકતા આદેશ નર્મદા જિલ્લા કલેક્ટરે જાહેર કર્યા છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી પર રાત્રે ૭-૦૦થી ૮-૦૦ લેસર શોનું પણ આયોજન કરાય છે. આ શો દરમિયાન વાહનોના વાગતા હોર્નને લીધે પ્રવાસીઓને વિક્ષેપ પડતો હોવાનું તંત્રના ધ્યાને આવ્યું છે. જેથી નર્મદા જિલ્લા કલેક્ટરે કેવડિયાના શ્રેષ્ઠ ભારત ભવનથી જંગલ સફારી વિસ્તારને સાયલેન્ટ ઝોન જાહેર કર્યો છે. આ વિસ્તારમાં રાત્રે ૭-૦૦ વાગ્યાથી ૮-૦૦ વાગ્યાના એક કલાક દરમિયાન લેસર શો ચાલશે. તે દરમિયાન કોઈપણ વાહનચાલક જો હોર્ન વગાડશે તો તેની સામે પોલીસ ફરિયાદ પણ થઈ શકે છે. આ જાહેરનામા બાબતે નર્મદા કલેક્ટરે પી.એસ.આઈ સહિત પી.આઈ કક્ષાના ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ કરવા માટે અધિકૃત કર્યા છે. જેથી હવે પછી કોઈ પણ વ્યક્તિ આ વિસ્તારમાં હોર્ન વગાડી શકશે નહીં. નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું ૩૧મી ઓક્ટોબર ૨૦૧૮ના રોજ વડાપ્રધાન મોદીએ લોકાર્પણ કર્યું હતું. હવે વિશ્વ કક્ષાની પ્રતિમા હોવાથી ત્યાં દેશ વિદેશના પ્રવાસીઓ આવી રહ્યા છે. પ્રતિમા અને તેની આસપાસના વિસ્તારની સુંદરતા જળવાઈ રહે તે માટે તંત્રએ પહેલેથી જ લારી-ગલ્લાઓ હટાવી દીધા હતા. સ્ટેચ્યુ ઓફ યુનિટીના આકર્ષણોમાં વધારો કરવા સરકાર સતત પ્રયત્નશીલ છે ત્યારે બીજીબાજુ, આદિવાસીઓ તેમના હક અને અધિકારોના ભોગે વિકાસ કરવાના સમર્થનમાં નહી હોવાનું સ્પષ્ટપણે જાહેર કરી છાશવારી વિરોધ દર્શાવી રહ્યા છે.

# વડગામ તાલુકા પંચાયતમાં ઠંડા પાણી માટે કુલર ભેટ અપાયુ

### તાલુકા પંચાયત ની વણસોલ બેઠક પરથી ચુંટાયેલા સદસ્ય દ્વારા કુલર ની ભેટ

વડગામ,

વડગામ તાલુકા પંચાયતની વણસોલ સિટના સદસ્ય અને હસનપુર ના વતની ઢુંક્કા સમસુદિનભાઈ અબ્દુલહક દ્વારા વડગામ તાલુકા પંચાયતમાં આવતા લોકો અને તાલુકા પંચાયત ના કર્મચારીઓ ને પીવા માટે ઠંડુ પાણી મળી રહે તેવા ઉમદા આશય થી તાલુકા પંચાયત માં કુલર ભેટ આપવામાં આવ્યું છે.ભેટ માં આપેલા ઠંડા પાણીના કુલર ને વડગામ ટીડીઓ એ.એચ.પરમાર ગુરુવારે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે તમામ તાલુકા પંચાયત નો સ્ટાફ તથા તાલુકા પંચાયતના સદસ્ય લક્ષમણ ભાઈ ચોધરી,વડગામ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દેવુસિંહ ડાભી,નાયબ ટીડીઓ જેઠાભાઈ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠાના તલોદ-મજરા માર્ગ પર કરોલ પંથકમાં વાહન અકસ્માતમાં બેનાં કરૂણ મોત

તલોદ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના તલોદ-મજરા રોડ ઉપરના કરોલ પંથકમાં નૂતન વર્ષના પ્રથમ દિવસે જ થયેલા એક વાહન અકસ્માતમાં તલોદ તાલુકાના મહિયલ ગામના ૬ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. જે પૈકીના ૨ મહિલાઓને અતિ ભારે ઈજાઓ થતા તે બંનેનું કરૂણ મોત નિપજ્યુ હતુ. અન્ય ૪ ઈજાગ્રસ્તોમાં ૩ મહિલા અને ૧ યુવાનનો સમાવેશ થાય છે. આ ૪ પૈકીના ૩ ઈજાગ્રસ્તોને નોંધપાત્ર ઈજાઓ પહોંચતા તલોદ રેફરલ હોસ્પિટલથી હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવાની ફરજ પડી હતી. મારૂતી ઈકો ગાડી અને ભારવાહક ટ્રકના જોરદાર ટકરાવને કારણે આ જીવલેણ અકસ્માત સર્જાયો હતો. તલોદ તાલુકાના મહિયલ ગામના એક પરિવારના સદસ્યો ઈકો ગાડી નં. જીજે-૨૭-વી-૮૦૩૧ ભાડે કરીને ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ખાતે હોસ્પિટલ ખાતે ગયા હતા. જ્યાં તેમના પરિવારના સ્વજન એવા એક દરદીને આંખનું ઓપરેશન કરાવેલ હતુ અને આજે તેમને હોસ્પિટલમાંથી રજા મળતાં તેમને લઈને મહિયલના પરિવારજનો ઘરે પરત લઈ આવી રહ્યા હતા ત્યારે રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ને સાંકળતા તલોદ-મજરા રોડ ઉપરના કરોલ નજીક તેમની ઈકો ગાડીને જોરદાર ટક્કર મારતાં ઈકો ગાડીનો કેટલોક ભાગ ફુરચા ઉડી ગયો હતો અને તેમાં મુસાફરી કરી રહેલા તમામને નાની-મોટી ઈજાઓ થવા પામી હતી.

### કંપની સમાચાર

# ઈએફએલનો ગુજરાતમાં સિક્યોર્ડ લોન ક્ષેત્રે પ્રવેશ

અમદાવાદ, તા. ૩

એમએસએમઈ ધિરાણમાં પોતાની વર્તમાન સ્થિતિને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે પૂણે સ્થિત એનબીએફસી ઈલેક્ટ્રોનિકા ફાયનાન્સ લિમિટેડે (ઈએફએલ) ગુજરાતમાં માઈક્રો અને નાના વેપાર-ધંધા માટે સિક્યોર્ડ લોન શરૂ કરી છે. ઈએફએલે આ સેગમેન્ટમાં નાણાંકીય જરૂરિયાતો પૂરી પાડવા માટે નવ મહિના પહેલા એક નવા વર્ટિકલ 'ઈમર્જિંગ એન્ટરપ્રાઈઝ લોન્સ'નો પ્રારંભ કર્યો હતો. આ લોન મુખ્યત્વે સૌથી નીચલા તબક્કામાં રહેલા વેપાર અને સેવા ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને આપવામાં આવે છે. આ સેગમેન્ટમાં ગ્રાહકો વધુ શિક્ષિત નથી અને અસંગઠિત છે પરંતુ તેઓ ઉત્કૃષ્ટ ઉદ્યોગ સાહસિકો છે. ધિરાણની સમગ્ર પ્રક્રિયા પણ અલગ છે અને વ્યક્તિગત ચર્ચા-વિચારણા અને વિઝ્યુઅલ એસેસમેન્ટ થકી જ લોન આપવામાં આવે છે. હાલની તારીખે કંપનીને ૬૦૦થી વધુ ગ્રાહકોને રૂ. ૨૫ કરોડથી વધુની લોન આપેલી છે. ઈએફએલ છેલ્લા લગભગ ત્રણ દાયકાથી વિવિધ ઉદ્યોગ ક્ષેત્રમાં મશીનરી અને અન્ય એસેટ ફાયનાન્સિંગ સાથે સંકળાયેલી છે અને એમએસએમઈ ક્ષેત્રમાં ઊંડી સમજ કેળવી છે. નવા બિઝનેસ વર્ટિકલ અંગે વધુ વિગતો આપતાં ઈલેક્ટ્રોનિકા ફાયનાન્સ લિમિટેડના એમડી શિલ્પા પોફલેએ જણાવ્યું હતું કે નાણાંકીય સમસ્યાઓ વેઠી રહેલા એમએસએમઈ સેગમેન્ટને સેવાઓ પૂરી પાડવા સાથે હવે અમે ઈમર્જિંગ એન્ટરપ્રાઈઝ લોન્સ વર્ટિકલ લાવ્યા છીએ. અમારી તમામ પ્રવૃત્તિઓમાં અમે ગ્રાહકને હંમેશા કેન્દ્રસ્થાને રાખ્યા છે. અમારા મતે એમએસએમઈ વ્યવસ્થામાં સૌથી નીચલા સ્તરે એક મોટો વર્ગ છે જે ધિરાણ સુવિધાઓથી વંચિત છે. આ સિક્યોર્ડ લોન નાના ધંધાર્થીઓની કાર્યશીલ મૂડી અને વેપારના વિસ્તરણની જરૂરિયાતો સંતોષવામાં લાંબા ગાળે ખૂબ મદદરૂપ થશે. ગુજરાત પહેલેથી તેની ઉદ્યોગસાહિસકતા કુશળતા માટે જાણીતું છે. આ રાજ્ય હંમેશા વાયબ્રન્ટ અને વેપારલક્ષી રહ્યું હોવાથી અમે અહીં નવું વર્ટિકલ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં અમે ૨૫ શાખાઓ અને ૮૦થી વધુ કર્મચારીઓ ધરાવીએ છીએ. વર્તમાન નાણાંકીય વર્ષના અંત સુધીમાં અમારી શાખાઓ વધારીને ૩૫ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે.

## બ્રાહ્મણ સમિટ-૨

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, હવે બ્રાહ્મણ સમાજ કથા-વાર્તા અને પૂજા-અર્ચના સુધી મર્યાદિત ન રહે તે આજની માંગ છે. બ્રાહ્મણ સમાજ ધંધા રોજગારમાં અગ્રેસર રહી દેશ- રાજયના વિકાસની ગતિને વધુ ગતિશીલ બનાવવામાં મદદગાર બનશે. આ સમાજે હમેંશા સામાજિક સમરસતા જાળવવાનું કામ કર્યુ છે.

“હું આજે આ સમિટમાં વિધાનસભાના અધ્યક્ષ તરીકે નહિ, પણ એક બ્રાહ્મણ તરીકે આવ્યો છું”, તેમ જણાવતા વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ કહ્યું કે, બ્રાહ્મણોને આશીર્વાદ અને શુભેચ્છાઓ આપવાનો અધિકાર છે. આપણે બધા જ ભારત માતાના સંતાન છીએ. સમગ્ર વિશ્વના કલ્યાણ માટે કર્મકાંડ કરે છે, તે બ્રાહ્મણ છે. વર્ષોથી તપસ્યા, મંથન અને પરિક્ષણો કરી તેના નિચોડ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કર્યુ છે. અને ભારતીય વૈદિક સંસ્કૃતિને ઉજાગર કરવાની જવાબદારી નિભાવી છે. એટલે સમાજમાં જે સારું કરે છે, કરી રહ્યાં છે તે અભિનંદનના અધિકારી છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આ સમિટમાં ૨૨૦૦ જેટલી ચીજવસ્તુઓના ૧૫૦ જેટલા સ્ટોલ્સ છે. તેની સાથે સમાજના વિવિધ ક્ષેત્રેના ૫૭૨ જેટલા વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું છે. ધર્મસભા થકી સમાજમાં સદભાવના ફેલાવવાનું પણ ઉમદા કાર્ય આ સમિટ થકી કરવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે ચુંદડીવાળા માતાજીએ આશીર્વચન પાઠવ્યા હતા. તેમજ ગુજરાત રાજય યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડના અધ્યક્ષ ભાવનાબેન દવેએ કાર્યક્રમના અંતે આભારવિધિ કરી હતી.

## ગટર લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જે અન્વયે સે-૨૨ અને સે-૨૯ માં ચાર દાયકા જુની ગટર લાઈન બદલવા માટે કામગીરી હાથ ધરાશે. જેમાં ૩૦૦ ડાયામીટરની જુની લાઈન બદલી ૪૫૦ થી ૬૦૦ ડાયામીટરની લાઈન નાંખવામાં આવશે. હાલ આ સેકટરોમાં ૪૦ વર્ષ જુની લાઈન છે. જેના લીધે ગટરો ઉભરવાના પ્રશ્નો પણ ઉઠવા પામે છે. આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે આ કામગીરીના અંતે સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા પણ હલ થશે. અગાઉ સે-૨૭ માં ગટર લાઈન અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાયુ હતુ જેના અંતે સેકટરમાં ગટર લાઈન સંબંધિત ફરિયાદોનુ પણ નિવારણ થયુ છે. શહેરમાં ગટર લાઈન બદલવા માટે સ્માર્ટ સીટી અન્વયે કોર્પોરેશન દ્વારા સેકટરોમાં નવી લાઈન નાંખવાનુ આયોજન કરાયુ છે. જેના અંતે સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈન બદલી નવી લાઈન નાંખવામાં આવશે.

## ઠંડીનો કહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં આજે આખો દિવસ ઠંડા પવનો ફુંકાતા રહ્યા હતા. ઠંડા પવનોના કારણે વાહનચાલકો અને નગરજનોને આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરીને ફરવુ પડ્યુ હતુ. દિવસ દરમ્યાન પણ જાણે ધુમ્મસભર્યુ વાતાવરણ છવાયેલુ રહ્યુ હતુ. જેના કારણે તડકાની હૂંફ પણ મળી ન હતી. તડકો ખૂબ આછો રહેતા દિવસે ઠંડા પવનો સૌને ધ્રુજાવી ગયા હતા. સાંજ પડતા જ ઠંડીનો કહેર વધતાં શહેર જાણે ઠુંઠવાઈ ગયુ હતુ. શહેરના માર્ગો એકદમ સુમસામ બની ગયા હતા. ગણ્યાં વધ્યાં વસાહતીઓ જે બહાર નીકળ્યા હતા તેઓએ તાપણાં કરી ઠંડીને ઉડાડવાનો પ્રયાસ કર્યો હતો.

## એર સ્ટ્રાઈક

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉતારી દેવાનો આદેશ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી આપવામાં આવ્યો હતો. બીજી બાજુ આને લઈને સંબંધો ઈરાન અને અમેરિકા વચ્ચે વણસી ગયા છે. દુનિયાભરના દેશોની જોરદાર પ્રતિક્રિયાઓ આવવાની શરૂઆત થઈ ગઈ છે. સુલેમાની બાદ હવે ઈરાને ઈસ્માઈલ કાનીને તરત કુદ્દ ફોર્સના નવા વડા તરીકે જાહેર કર્યા છે. આયાતુલ્લા દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, જનરલ કાસીમ સુલેમાનીના શહીદ થયા બાદ બ્રિગેડિયર જનરલ ઈસ્માઈલ કાનીને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પના કુદ્દ ફોર્સના નવા કમાન્ડર બનાવવામાં આવ્યા છે. કાસીમ સુલેમાનીના મોતને લઈને ખુસાલો કરવામાં આવી ચુક્યો છે. તેમના હાથમાં રહેલી અંગુઠીના આધાર પર તેમના મોતના સમાચારને સમર્થન મળ્યું છે. તેઓ હંમેશા એક આંગળીમાં લાલરંગની અંગુઠી પહેરતા હતા. આ હુમલામાં સુલેમાનીના મોતથી સમગ્ર વિશ્વમાં દહેશત ફેલાઈ ગઈ છે. ડેપ્યુટી કમાન્ડર મહેંદી અલ મુહાદીશના મોતના સમાચારને સમર્થન મળી ચુક્યું છે.

પેન્ટાગોન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, હુમલાનો આદેશ પ્રમુખ તરફથી આપવામાં આવ્યો હતો. બગદાદ એરપોર્ટ નજીક આ હુમલો કરવામાં આવ્યો હતો. મધ્યપૂર્વમાં આ બે શક્તિશાળી લીડરોના મોતથી ટર્નિંગ પોઈન્ટ આવી શકે છે. ઈરાન તરફથી જવાબી કાર્યવાહી કરવામાં આવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. હજારો લોકો આજે ઈરાનમાં શેરીઓમાં આવી ગયા હતા અને અમેરિકાના કૃત્યને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. આ લોકોએ ડેથ ટુ અમેરિકાના સુત્રોચ્ચાર કર્યા હતા.

મધ્ય તહેરાનમાં શુક્રવારની નમાઝ અદા કરવામાં આવ્યા બાદ લોકો જાહેર રસ્તા પર આવી ગયા હતા. અમેરિકા દ્વારા કરાયેલા હવાઈ હુમલાના ફોટાઓ પણ જારી કરવામાં આવી ચુક્યા છે. બીજી બાજુ અમેરિકાએ ઈરાકમાં રહેલા તેના નાગરિકોને તરત જ દેશ છોડી દેવાના આદેશ જારી કર્યા છે.

## કડક ચેતવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રણ દિવસના શોકની જાહેરાત ઈરાનમાં કરવામાં આવી છે. દુનિયાના દેશો આ હુમલાના કારણે હચમચી ઉઠ્યા છે. લેબનોનમાં હિઝબુલ્લા ગ્રુપે પણ હુમલાનો બદલો લેવાની વાત કરી છે અને કહ્યું છે કે જે લોકોએ સુલેમાનીને ટાર્ગેટ બનાવીને હુમલો કર્યો છે તેમને યોગ્ય દંડ આપવામાં આવશે. ઈરાનના અમેરિકાના આ હુમલા સામે લોકો શેરીઓમાં આવી ગયા હતા અને દેખાવો કરાયા હતા. તહેરાનમાં દેખાવકારોએ અમેરિકા સામે નારાજગી વ્યક્ત કરી હતી. લેબનોનમાં હિઝબુલ્લા લીડર સઈદ હસને કહ્યું છે કે, તેમના ગ્રુપ દ્વારા સુલેમાનીના માર્ગ ઉપર આગળ વધવાનો નિર્ણય કર્યો છે. અમેરિકા આ મોટા અપરાધ સાથે તેના ઉદ્દેશ્યને હાંસલ કરી શકશે નહીં. સિરિયા દ્વારા પણ સુલેમાનીની હત્યાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને આની નિંદા કરી છે. ઈરાક અને અન્ય દેશો દ્વારા પણ જુદી જુદી પ્રતિક્રિયા આપવામાં આવી છે.